# કચરાગાડીનો નિયમ:

એક દિવસ મેં સ્ટેશન જવા માટે ટેક્ષી કરી. અમારી ગાડી શાંતિથી  અમારી લાઈનમાં ડ્રાઈવર ચલાવતો હતો, ત્યાજ એકાએક એક કાળા કલરની મારુતી બાજુના રસ્તાપરથી અમારી ગાડીની બરાબર આગળ આવી ગઇ. મારા ડ્રાઈવરે એકદમ જોરમાં બ્રેક મારી અને ગાડી સાઈડમાં વાળી લીધી,નહિ તો ભયંકર અકસ્માત થઇ ગયો હોત. ગુસ્સો તો ત્યારે આવ્યો કે જે મારુતીવાળો ખોટી સાઈડપરથી અમારી ગાડીની આગળ આવ્યો તે જાણે અમારો વાંક હોય તેમ ઘૂરકિયા કરીને ગાડી ભગાવી ગયો.

મને આશ્ચર્ય તો ત્યારે થયું કે મારા ટેક્ષી ડ્રાઈવરે ગરમ થવાની જગ્યાએ તેને હાથ હલાવીને સ્મિત આપ્યું. મારાથી રહેવાયું નહિ એટલે મેં તેનેકહ્યું, કે અત્યારે તારી ગાડીને ભયંકર નુકસાન થયું હોત અને આપણે બંને હોસ્પિટલમાં હોત તો તે એને ગરમ થવાની જગ્યાએ હસીને જવા કેમ દીધો? તે વખતે એ ટેક્ષીવાળાએ જે જવાબ આપ્યો જેને હું “કચરાગાડીનો નિયમ કહું છું”.

પછી એણે વાત આગળ ચલાવતા જે કહ્યું તે મારે માટે જિંદગી જીવવા માટેનો અણમોલ ખજાનો બની ગયો.જો તમે પણ એ અપનાવશો તો જિંદગીના ઘણા પ્રશ્નોનું નિરાકારણ આવી જશે. એણે મને કહ્યું કે ઘણા લોકો કચરાગાડી જેવા હોય છે. એમનું મગજ પુષ્કળ હતાશા,નિરાશા અને એવા જાત જાતના કચરાઓથી ભરેલું હોય છે. આમ એમનું મગજ આવા કચરાથી ભરાઈ જાય ત્યારે એ લોકો એને ઠાલવવા માટેની જગ્યા શોધતા હોય છે.ઘણી વખત તેઓ એ કચરો તમારા ઉપર ઠાલવીદે છે. એને આપણે વ્યક્તિગત દુશ્મનાવટ સમજવાની જરાપણ જરૂર નથી, કારણ કે આપણું મગજતો એમની જેમ કચરાથી ભરેલું તો નથી ને! આપણે એ જે કચરો આપણી ઉપર ઠાલવે તે આપણા મગજમાં ભરવાની કોઈ જરૂર ખરી?

એના કરતા તો આપણે એને હાથ હલાવીની હસતા હસતા શુભેચ્છા આપવી સારી. નહિ તો એણે અને બીજા કેટલાઓએ દિવસભરમાં આપણા ઉપર ઠાલવેલો કચરો આપણે સ્વીકારીને પછી  તેને  કામ પર કે ઘરે કે પછી આપણી શેરીના બીજા લોકો પર ઠાલવવાની કોશિશ કરીશું.કારણ કે આપણી પણ ટ્રક કચરાથી ભરાઈ જાય તો ખરીને?

ટૂંકમાં કહેવાનું કે સજ્જન માણસો બીજાનો કચરો સ્વીકારીને પોતાનો દિવસ ખરાબ નથી થવા દેતા.જિંદગી આવા બધા કચરા ભેગા કરવા માટે ઘણી જ ટૂંકી છે. જે લોકો તમારી સાથે સારી રીતે વર્તે છે તેમને પ્રેમ આપો અને જે નથી વર્તતા એમના ભલા માટે ભગવાનને પ્રાર્થના કરો.

“જિંદગીનો આધાર ૧૦ ટકા તમે કેવી બનાવો છો અને ૯૦ ટકા તમે એને કઈ રીતે લો છો એના ઉપર છે”. બધાનું મગજ આવા કચરાથી ખાલી અને શુભ વિચારોથી ભરેલું રહે એવી પ્રભુ પ્રાર્થના!

**વિપુલ દેસાઇ - desaivm50@yahoo.com - http://suratiundhiyu.wordpress.com/**